# ગુજરાત આજથી ધબકતુ થશે : મર્યાદિત દુકાનો ખોલવા મંજુરી


## તમામ જિલ્લામાં મોલ્સ-માર્કેટિંગ કોમ્પ્લેક્સ સિવાય દુકાનો ખુલશે : ૫૦ ટકા સ્ટાફ સાથે કામોની મંજુરી : માસ્ક પહેરવાનુ અને સોશિયલ ડિસ્ટેન્સ જાળવી રાખવાની બાબતો ફરજિયાત રહેશે : ગુજરાત સરકારનો મોટો નિર્ણય

ગાંધીનગર, તા.૨૫

કોરોના વાયરસના હાહાકાર વચ્ચે એકપછી એક રાહત આપે તેવા નિર્ણય હવે કેન્દ્ર અને ગુજરાત સરકાર તેમજ અન્ય રાજ્યોમાં સરકારો દ્વારા કરવામાં આવી રહ્યા છે. આના ભાગરૂપે આજે મુખ્યપ્રધાન વિજય રૂપાણીના નેતૃત્વમાં ગુજરાત સરકારે પણ આજે રાજયના નાના મોટા દુકાનદારો તેમજ કારોબારીઓ માટે મોટો નિર્ણય કર્યો હતો. રાજયના તમામ જિલ્લાઓમાં આવતીકાલે રવિવારથી મોલ અને માર્કેટિંગ કોમ્પ્લેક્સ સિવાય તમામ દુકાનોને પોતાના ધંધા વ્યવસાય માટે છુટ આપનો નિર્ણય કરવામાં આવ્યો છે. ભારત સરકાર દ્વારા જારી કરવામાં આવેલા જાહેરનામાના અનુસંધાનમાં આ નિર્ણય કરવામાં આવ્યો છે. આની સાથે જ કોરોના વાયરસની સ્થિતીમાં છેલ્લા એક મહિનાથી જોરદાર સન્નાટો રહ્યા બાદ આવતીકાલથી ગુજરાત ફરી ધબકતુ થઈ જશે. આ તમામ છુટછાટ નિયમો અને શરતોને આધીન આપવામાં આવી રહી છે. શરતો મુજબ કહેવામાં આવ્યુ છે કે જે દુકાનો અને કારોબારને વ્યવસાય કરવાની મંજુરી આપવામાં આવી છે તે તમામ વિસ્તાર કન્ટેઈમેન્ટ વિસ્તારની બહાર જોવી જોઈએ. તેમના માટે જે અન્ય કેટલીક શરતો છે તે મુજબ દુકાનો અને ધંધા વ્યવસાયના નિયમિત સ્ટાફના ૫૦ ટકા સ્ટાફ રાખવાની જરૂર રહેશે. સાથે સાથે તમામનો માસ્ક ફરજિયાતપણે પહેરવાનુ રહેશે. સોશિયલ ડિસ્ટેન્સ જાળવી રાખવા માટેની બાબત પણ જરૂરી રાખવામાં આવી છે. જે તે સ્થાનિક સંતામંડળે જાહેર કરેલા કન્ટેઈનમેન્ટ વિસ્તારોને માન્ય ગણવામાં આવનાર છે. મુખ્યપ્રધાન રૂપાણી એકપછી એક કઠોર નિર્ણય કરી રહ્યા છે. આઈટી અને આઈટીઈએસ ઈન્ડસ્ટ્રીઝમાં પણ ૫૦ ટાક સ્ટાફ કામકાજ માટે રાખવાની શરતે કામ કરવાની મંજુરી આપવામાં આવી છે. રાજયાના તમામ નાના મોટા દુકાનદારોના હિતમાં આ નિર્ણય કરવામાં આવ્યો છે. ભારત સરકારના જાહેરનામાના અનુસંધાનમાં મુખ્યપ્રધાને આ નિર્ણય કર્યો છે. કેન્દ્ર સરકારના જાહેરનામા મુજબ સલુન, પાર્લર અને શરાબની દુકાનો ખુલી જશે તેની રાહ જોઈ રહેલા લોકોને આખરે નિરાશા હાથ લાગી છે. સરકારે સાફ શબ્દોમાં કહ્યુ છે કે આ પ્રકારની દુકાનોને ખોલવાની મંજરી હાલમાં આપવામાં આવી નથી. જરૂરી ચીજવસ્તુઓનુ વેચાણ કરી રહેલી દુકાનોને મંજુરી આપવામાં આવી રહી છે. કેન્દ્રિય ગૃહ મંત્રાલય દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી છે કે ગ્રામીણ વિસ્તારોમાં તો શોપિંગ મોલ સિવાય તમામ દુકાનો ખુલ્લી રાખવાની મંજુરી આપવામાં આવી છે. શહેરી વિસ્તારોમાં નિવાસી સંકુલમાં રહેલી દુકાનોને ખુલ્લી રાખવાની મંજુરી આપવામાં આવી છે.

સરકાર દ્વારા સાફ શબ્દોમાં કહેવામાં આવ્યુ છે કે ઈ-કોમર્સ કંપનીઓ દ્વારા જીવનજરૂરી ચીજવસ્તુઓ માટે વેચાણની મંજુરી આપવામાં આવી રહી છે. શરાબ અને અન્ય પ્રકારની વસ્તુઓના વેચાણ પર પ્રતિબંધ રહેનાર છે. હેર સલુન અને બાર્બરની દુકાનો બંધ રહેશે. કારણ કે કેટલીક જગ્યાએ આના કારણે પણ કોરોના પોઝિટિવ કેસો સપાટી પર આવ્યા છે.જો કે ગુજરાત સરકારે પણ કેન્દ્રની જેમ કહ્યુ છે કે પાન મસાલાની દુકાનો હાલમાં ખુલશે નહીં. હેર કટિંગની દુકાનો પણ હાલમાં બંધ રહેશે. ઠંડા પીણાની દુકાનો પણ હાલમાં ખુલી શકશે નહીં. પગરખાની દુકાનો પણ પણ નહીં ખુલે. આઈસક્રિમ પાર્લર પણ હાલમાં બંધ જ રહેશે. ફુલની દુકાનો, સોનાની દુકાનો, ટ્રાવેલ્સની ઓફિસ, ગિફટ આર્ટિકલ્સની દુકાનો હાલમાં બંધ રાખવામાં આવનાર છે. ફોટો સ્ટુડિયો અને હાર્ડવેર તેમજ કટલરીની દુકાનોને પણ હાલમાં મંજુરી આપવામાં આવનાર નથી. રીક્ષાઓને પણ હાલમાં મંજુરી આપી દેવામાં આવી નથી. લોકડાઉનને એક મહિનાથી ઉપરનો ગાળો થઈ ગયો છે. સાથે સાથે કોરોનાના કેસોમાં પણ ચિંતાજનક વધારો જારી રહ્યો છે ત્યારે આ નિર્ણય કરવામાં આવ્યો છે. આ તમામ નિર્ણયના કારણે ગુજરાત ફરી એકવાર એક મહિનાના સન્નાટા બાદ ધબકતુ થનાર છે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




**હે મહાદેવ... આવતા જન્મે ચાર કાન આપજો... ચશ્મા, ઇયરફોન, જનોઈ તો હતી જ ને તેમાં આ માસ્કનું લફરું વધ્યું છે...**

## તારાપુર ઈંટના ભઠ્ઠા પરથી યુવતિ ગુમ

અડાલજ પોલીસ મથકમાં જાણવાજોગ ફરીયાદ મુજબ ચંદ્રમાબેન મંજીત ગુલુરામ નન્હવા કોસલે (ઉં.૨૭) તારાપુર ગામની સીમમાં એન.આર.ઈંટના ભઠ્ઠા પરથી ગત તા. ૧૬-૪-૨૦ના રોજ સાંજના ૪ વાગ્યાના અરસામાં શૌચક્રિયા જવાનું કહીને ક્યાંક ચાલી ગઈ છે. (મુળ રહે. ટીકારી થાણા, તા.મસ્તુરી, જી. બિલાસપુર) તેણી શરીરે મજબુત બાંધાની રંગે ઘઉંવર્ણી, જેનુ મોઢુ લંબગોળ છે. ડાબા હાથની લાંબી આગળી ઉપર ત્રણ ટપકા છુંદણાથી ત્રોફાવેલ છે. તેની ઉંચાઈ આશરે સાડા પાંચ ફુટ અને બે ઈંચ જેટલી છે. તેણીએ શરીરે વાદળી કલરનું પંજાબી ડ્રેસ પહેરેલ છે. ધોરણ - ૧૦ સુધીનો અભ્યાસ કરેલ છે. તેમજ હિન્દી, અંગ્રેજી તેમજ છત્તીસગઢની સ્થાનિક ભાષા જાણે છે. તેણીની આંખો ભુરા રંગની છે જે આજદિન સુધી મળી આવી નથી. આ યુવતિ વિશે જો કોઈને જાણ કે માહિતિ મળે તો અડાલજ પોલીસ મથકનો સંપર્ક કરવા અડાલજ પોલીસ મથકના એએસઆઈ રતનલાલ બાનવારીલાલએ જણાવ્યું છે. યુવતિ ગુમ થયાની જાણવાજોગ ફરિયાદ ગત તા.૨૧-૪-૨૦ ના રોજ અડાલજ ખાતે નોંધાઈ છે.



ઘણી બધી આર્થિક ગતિવિધિઓ હાલમાં બંધ છે. જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ સિવાય અન્ય કોઈ આર્થિક પ્રવૃત્તિ ચાલતી ન હોઈ શ્રમિકો કફોડી હાલતમાં છે. આર્થિક મુશ્કેલી હોવા છતાં સહનશીલ બની તેઓ ખૂબ આનંદથી કપરાં દિવસો પસાર કરી રહ્યા છે. તેનો બોલતો પુરાવો આ વૃધ્ધ દંપતિ છે. વૃક્ષની શીતળ છાયામાં મોબાઈલ પર ગીતો સાંભળતુ આ દંપતિ દુનિયાનું શ્રેષ્ઠ સુખ ભોગવી રહ્યું છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર મનપા દ્વારા સફાઈ અભિયાનમાં ૨૯ ટનથી પણ વધુ સુકા પાંદડાના કચરાનો નિકાલ કરવામાં આવ્યો છે.
- ગાંધીનગર શહેરની સિવિલ હોસ્પિટલમાં હાલ કોરોના પોઝીટીવના ૪ દર્દી સારવાર હેઠળ છે.
- ગાંધીનગર ઉત્તર વિધાનસભા વિસ્તારમાં જરૂરિયાતમંદ પરિવારોને કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ દ્વારા અન્ન સહાયની કીટોનું વિતરણ શરૂ થયુ છે.
- ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ૧૮૦૦ કિલોથી વધુ બાયો મેડિકલ વેસ્ટનો નિકાલ કરવામાં આવ્યો છે.
- ગાંધીનગર જિલ્લામાં બાજરીના પાકમાં ક્યાંક ક્યાંક ઈયળનો ઉપદ્રવ જણાતાં જિલ્લા ખેતીવાડીતંત્ર સતર્ક બની અને આ ઈયળોને નાથવા ખેડૂતોને માર્ગદર્શન આપવા ગ્રામસેવકોને જણાવ્યુ છે.
- ગાંધીનગર(ઉ)ના ધારાસભ્ય ડૉ. સી. જે. ચાવડાએ જિલ્લા કલેક્ટરને એક પત્ર લખી એન.એફ.એસ.એ., એ.પી.એલ.ના જે કાર્ડ ફ્રિઝ થયા છે તેને એક્ટીવેટ કરવાની વ્યવસ્થા તાત્કાલિક ઉભી કરવા માટે માંગ કરી છે.

## ૪૦ વ્યકિતના રીપોર્ટ નેગેટીવ આવતા સિવિલ તંત્રમાં રાહત

ગાંધીનગર, તા, ૨૫

સમગ્ર ગુજરાતમાં કોરોના એ કોહરામ મચાવ્યો છે. સમગ્ર ગુજરાતમાં કોરોના અજગરી ભરડો લઈ રહ્યું છે.કોરોનાના પોઝીટીવ દર્દીઓનો આંકડો સતત વધી રહ્યો છે. કોરોનાના સંક્રમણને અટકાવવા માટે પોલીસ તંત્ર અને આરોગ્ય વિભાગના કર્મચારીઓ રાત દિવસ એક કરી રહ્યા છે. ત્યારે પાટનગરની હોસ્પિટલમાં કોરોના વોર્ડમાં ફરજ બજાવતા ડોકટરનો કોરોનાનો રીપોર્ટ પોઝીટીવ આવતા હોહા મચી ગઈ હતી. પાટનગરની સિવિલમાં ફરજ બજાવતા ફીઝીશીયન ડોકટરનો રીપોર્ટ પણ કોરોના પોઝીટીવ આવતા તેઓ પણ સારવાર માટે એડમીટ થયા છે. ડોકટરના રીપોર્ટ ને પગલે ડોકટર સ્ટાફ અને નર્સિંગ સ્ટાફમાં હાહાકાર મચી ગયો હતો.

મળતી માહિતી મજુબ સિવિલ તંત્ર દ્વારા ૧૮ ડોકટર અને નર્સિંગ સ્ટાફના કર્મચારીઓનો કોરોનાના રીપોર્ટ માટે બ્લડ સેમ્પલ મોકલી આપ્યા હતા. પરંતુ તમામ ૪૦ વ્યકિતના રીપોર્ટ નેગેટીવ આવતા સિવિલ તંત્રમાં રાહતનો શ્વાસ લીધો હતો. ડોકટરને રીપોર્ટ પોઝીટીવ આવતા જ સિવિલમાં હડકંપ મચી ગયો હતો. સિવિલમાં સુમસામ બની ગઈ હતી. સ્ટાફના કર્મચારીઓમાં અનેક ચર્ચાઓ ચાલી રહી હતી. પરંતુ સિવિલમાં ફરજ બજાવતા તમામ સ્ટાફનો રીપોર્ટ નેગેટીવ આવતા સિવિલ તંત્રના અધિકારીઓ અને કર્મચારીઓએ હાશકારો અનુભવ્યો છે.



સનાતન ધર્મના સત્સંગીઓ તથા ઉગમફોજના સત્સંગીઓ રાજુભાઈ સોનારા, વિઠ્ઠલભાઈ સોલંકી, રવિભાઈ મકવાણા, રશ્મિન રાજન, ગોવિંદભાઈ રાજન, ગોવિંદભાઈ ચાવડા, આનંદભાઈ સોલંકી, દિપકભાઈ જાદવ, પ્રવિણભાઈ પરમાર દ્વારા જરૂરીયાતમંદ લોકોને કરિયાણાની ૨૫૦ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## જિલ્લાના સરકારી દવાખાનામાં કોઈ દર્દીની ઉપેક્ષા ન થાય અને સૌજન્યપૂર્ણ વ્યવહાર થાય તે ખૂબ જરૂરી છે : ડીડીઓ

### ગાંધીનગર જિલ્લામાં જે ગામમાં પ્રથમ પોઝિટીવ કેસ નોંધાયો તે પછી તે ગામમાં બીજો પોઝિટીવ કેસ નોંધાયો નથી તેનો જશ આરોગ્યની ટીમને છે

ગાંધીનગર, તા. ૨૫

કોરોના વાયરસમાં જિલ્લા પંચાયત હસ્તકના તમામ સરકારી દવાખાનામાં કોઈ દર્દીની ઉપેક્ષા ન થાય અને તાત્કાલિક સારવાર મળી રહે, સૌજન્ય પૂર્ણ વ્યવહાર થાય. દર્દીને સંવેદના સાથે સારવાર અપાય તેની સાથે દવાખાનાનું સમગ્ર વાતાવરણ જંતુમુક્ત અને આરોગ્યપ્રદ રહે તે જોવા માટે તમામ આરોગ્ય કર્મીઓને જિલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલ દ્વારા ભારપૂર્વક જણાવવામાં આવ્યું છે.

આર.આર. રાવલે વધુમાં જણાવ્યું હતું કે ગાંધીનગર જિલ્લાના જે ગામોમાં કોરોનાનો એક પોઝિટીવ કેસ મળ્યો છે, તે પછી આરોગ્ય ટીમની સતર્કતા અને સુવ્યસ્થિત આયોજન સાથેની કામગીરીના કારણે અત્યાર સુધી બીજો કેસ મળ્યો નથી તે બદલ આરોગ્યની ટીમને અભિનંદન પાઠવ્યા હતા. આરોગ્યની ટીમની ઉમદા કામગીરીના કારણે કોરોના પોઝિટીવ કેસમાં ૬ વર્ષના રાંચરડાના બાળકે અને લોદરાના વયોવૃદ્ધ મહિલાએ કોરોનાને પરાસ્ત કર્યો છે, તેનો પણ આનંદ વ્યક્ત કર્યો હતો.

રાવલે વધુમાં જણાવ્યું હતું કે ગાંધીનગર જિલ્લામાં કોરોના વાયરસના પોઝિટીવ કેસોની સંખ્યા - ૮ હતી. તે પૈકી એકનુ મૃત્યૃ થયું છે. ૨ સ્ટેબલ વ્યકિતઓ અને ૫ વ્યક્તિઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. તેમજ ૨૭૩ લેબોરેટરી પરીક્ષણ કરવામાં આવ્યું છે. ૨૦૪ વ્યક્તિઓ કોરોન્ટાઈલ ફેસીલીટી સેન્ટરમાં છે. ગાંધીનગર જિલ્લામાં કોલવડા, લોદરા, રાંચરડા, ઈટાદરા, પાલૈયા અને રાંધેજા મળી કુલ- ૬ કલસ્ટર કલોરોન્ટાઈલ કેન્દ્રો છે. ૧,૩૪,૦૧૬ વ્યક્તિઓ કલસ્ટર કલોરોન્ટાઈલ છે. ગાંધીનગર જિલ્લામાં ક્રિટીકલ આઈસોલેશન બેડની સંખ્યા ૩૦૦ અને સી.સી.ડી..સી. એચ.સી. અન્વયે બેડની સંખ્યા ૧૫૦ છે.



જિલ્લાવાસીઓ માટે વિવિધ સખી મંડળો દ્વારા ૭૫ હજાર માસ્ક બનાવવામાં આવ્યા છે. તેમજ ૧૪૩૨ સર્ગભા માતાઓનું હાઉસ ટુ હાઉસ સર્વે કરવામાં આવ્યો છે. તેની સાથે ૧૨૪૮ ડેરી વર્કરોનું, ૩૭૧ એફ.પી.એસ વર્કરોનું, ૨૨૩૭ ટી.બી.દર્દીઓનું ૫૧૪૮ હાયપરટેંશન દર્દીઓનું, ૯૬૨ શ્રમિકોનું સ્ક્રીનીંગ કરવામાં આવ્યું છે. આરોગ્યની ૫૪૧ ટીમો દ્વારા ૨,૫૦,૦૪૬ વ્યક્તિઓનું હાઉસ ટુ હાઉસ સર્વે કરવામાં આવ્યું છે. ગાંધીનગર જિલ્લામાં કલોલમાં ૨૫૦૦, માણસામાં ૨૧,૭૫૦, દહેગામમાં ૫૨,૧૫૦ અને ગાંધીનગર ૫૮૫૦૦ મળી કુલ ૧,૩૪,૯૦૦ માસ્કનું વિતરણ કરવામાં આવ્યું છે. તેની સાથે જિલ્લાવાસીઓની રોગપ્રતિકારક શક્તિ વધારે તેવા ૯,૫૫,૬૩૯ આયુર્વેદ ઉકાળાનું અને હોમિયોપેથિકની ૪,૦૬,૬૪૫ દવાઓનું ડોર ટુ ડોર વિતરણ કરવામાં આવ્યું છે. તેમજ આર.ડી. ટેસ્ટ ૨૭ કરવામાં આવ્યા છે. તેની સાથે ગાંધીનગર જિલ્લાના ૩૦૩ ગામોને બે વખત સેનિટાઇઝ કરવામાં આવ્યા છે.

ગાંધીનગર જિલ્લા પંચાયત દ્વારા સ્વભંડોળમાંથી ૭૬ લાખ ૯૦ હજાર રૂપિયાની ગ્રાન્ટ કોવિડ - ૧૯ માટે આર્થિક રીતે સક્ષમ નથી તેવી ગ્રામપંચાયતોને આપવામાં આવશે. જેના થકી ગ્રામ પંચાયતો દ્વારા ગામમાં સેનિટાઇઝ, માસ્ક અને અન્ય સુવિધા ગ્રામજનોને આપવા માટે ખર્ચે કરવામાં આવનાર છે. ગાંધીનગર જિલ્લાના ૮૩,૫૩૭ ખેડૂતોના ખાતામાં રૂ. ૨ હજાર લેખે કુલ - ૧૬ કરોડ ૭૦ લાખથી વધુ રકમની સહાય ખેડૂતોના ખાતામાં નાખવામાં આવી છે. તેમજ ૧૪મા નાણાપંચના અનુદાનમાંથી પ્રત્યેક ગામને રૂ. ૧૦ હજારની મર્યાદામાં કોવિડ-૧૯ અંતર્ગત ખર્ચ કરવાની પણ મંજૂરી આપવામાં આવી છે.

## જેસીઆઈ દ્વારા “બ્રીજ ધ ગેપ” ઓનલાઈન ટ્રેનીંગ યોજાઈ

જેસીઆઈ ગાંધીનગર અને જેસીઆઈ નોર્થ અમદાવાદના ઉપક્રમે બ્રિજ ધ ગેપ ટેગ લાઈન હેઠળ ઓનલાઈન ટ્રેનીંગનું આયોજન કરાયુ હતું. લોકડાઉનના સમયમાં જીવવના આ ગેપને કેવી રીતે ભરી શકાય તે માટેના પ્રયત્ન કરવામાં આવ્યા હતા. ટ્રેનીંગમાં સામાજીક સંબંધો-નાણાકીય લાભ બંન્નેને કેવી રીતે બેલેન્સ કરીને સફળતા મેળવી શકાય તેવી જાણકારી પુરી પાડવામાં આવી હતી. નેશનલ ટ્રેનર દિપિકા મહેતા દ્વારા માર્ગદર્શન પુરુ પડાયુ હતું. આયોજન ગાંધીનગર જેસીઆઈના પ્રેસીડેન્ટ પદમસિંહ ચૌહાણ, નોર્થ અમદાવાદના પ્રેસીડેન્ટ ભુવનેશ વ્હોરા જ્યારે સંચાલન ડો. દિશા પોપટ દ્વારા કરાયુ હતું.

## હિન્દુ અને જૈન ધર્મ માટે ખૂબ પવિત્ર દિવસ એટલે અક્ષય તૃતીયા

હિન્દુ પંચાંગ અનુસાર વર્ષ દરમિયાન ચાર તિથિ એવી છે જે સમયે બધા જ મુહૂર્ત શુભ હોય છે એટલે કે આ ચાર દિવસ કોઈ પણ શુભ કાર્ય કોઈપણ સમયે કરી શકાય છે જ્યોતિષશાસ્ત્ર મુજબ આ તિથિમાં સૂર્ય અને ચંદ્ર તેમના સર્વોચ્ચ સ્થાન ઉપર હોય છે જેથી આ સમય ખૂબ શુભ ગણાય છે. પ્રથમ તિથિ એ ચૈત્ર મહિનાના પ્રથમ દિવસે આવે છે, તેને નવા વર્ષ અથવા ગુડીપર્વ તરીકે પણ ઉજવાય છે, બીજી તિથિ વૈશાખ મહિનાના શુક્લ પક્ષના ત્રીજના દિવસે એટલે કે અક્ષય તૃતીયા તરીકે ઓળખાય છે, ત્રીજી તિથિ કાર્તિક મહિનાના પ્રથમ દિવસે આવે છે અને ચોથી શુભ તિથિ કાર્તિક મહિનાના દસમા દિવસે એટલે કે વિજયાદશમી તરીકે ઉજવાય છે.

ક્યારેય પણ નાશ ન થાય એટલે કે અક્ષય અને વૈશાખ મહિનાના શુક્લ પક્ષનો ત્રીજો દિવસ એટલે કે અક્ષય તૃતીયા - આ દિવસ હિન્દુ સંસ્કૃતિ મુજબ ખૂબ જ શુભ માનવામાં આવે છે. આ દિવસે કરેલા દાન, પુણ્ય, કર્મ કદી પણ નાશ પામતા નથી અને તેનું સુંદર ફળ અવશ્ય મળે છે. હિન્દુ શાસ્ત્ર મુજબ ઘણી બધી શુભ ઘટનાઓ આ પવિત્ર દિવસે ઘટી હતી જેમ કે, બ્રહ્માજીએ અક્ષય તૃતીયાના દિવસે આ સુંદર સૃષ્ટિની રચના કરવાનું કાર્ય શરૂ કર્યું હતું, આપણા ચારેય યુગ જેવા કે સતયુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગ અને કળયુગ અક્ષય તૃતીયાના દિવસે જ પ્રારંભ થયા હતા, ભગવાન વિષ્ણુના છઠ્ઠા અવતાર પરશુરામનો જન્મ દિવસ આ જ શુભ દિવસે મનાવવામાં આવે છે, અક્ષય તૃતીયાના દિવસે ગંગા નદી સ્વર્ગ પરથી પૃથ્વી પર અવતર્યા હતા તેથી આ દિવસે ગંગા સ્નાનનું મહત્વ ખુબજ છે, અક્ષય તૃતીયાના દિવસે મહર્ષિ વેદવ્યાસે મહાભારત ગ્રંથ લખવાની શરૂઆત કરી હતી, અક્ષય તૃતીયાના શુભ દિવસે સુદામા પોતાના મિત્ર એવા ભગવાન શ્રી કૃષ્ણને મળવા ગયા હતા ત્યારે શ્રીકૃષ્ણને તેમની ગરીબ પરિસ્થિતિનો અંદાજો આવી જતા સુદામાને ખૂબ જ ધન અને અન્નનુ દાન કર્યુ હતું તેથી આ દિવસે દાનનો મહિમા પણ ખૂબ જ છે,આ શુભ દિવસે દેવી અન્નપૂર્ણા નો પણ જન્મદિવસ આવે છ, અક્ષય તૃતીયાના દિવસે દેવતાઓના ખજાનચી તરીકે કુબેરની નિમણૂક થઈ હતી.

હિન્દુ ધર્મની જેમ જૈન ધર્મમાં પણ અક્ષય તૃતીયાના દિવસનુ ખૂબ મહત્વ છે. આ શુભ દિવસે જૈન ધર્મના પ્રથમ તીર્થંકર ઋષભદેવ એટલે કે આદિનાથ ભગવાનને એક વર્ષની તપસ્યા પૂરી થયા પછી રાજા શ્રેયાંસે શેરડીના રસથી પારણા કરાવ્યા હતા. આ દિવસને વર્ષીતપ તરીકે પણ ઓળખવામાં આવે છે.



ગાંધીનગરમાં લોકડાઉનના પગલે વન્યજીવ સૃષ્ટિને જાણે મોકળુ મેદાન મળી ગયુ છે. શહેરમાં વાહનવ્યવહાર બંધ હોવાથી ગાંધીનગર નજીક આવેલા જંગલ વિસ્તારમાંથી અવારનવાર વાંદરા, નીલગાય અને હરણ જેવા પ્રાણીઓ શહેરમાં આવી ચઢે છે. એજ રીતે સરીસૃપોની અવરજવર પણ વધી રહી છે. પ્રવાસન મંત્રી જવાહરભાઈ ચાવડાના સરકારી નિવાસસ્થાને રાત્રીના સમયે કોબ્રાએ દેખા દેતા દેના ગ્રામિણ બેંકના મેનેજર અને પ્રકૃતિપ્રેમી પ્રદિપ સોલંકીએ સ્થળ પર પહોંચી જઈ કોબ્રાને પકડી જંગલ વિસ્તારમાં છોડી મુક્યો હતો.

## ગાંધીનગર મનપા દ્વારા ૨૨૮ શાકભાજીના ફેરિયાઓની આરોગ્ય ચકાસણી કરાઈ

### ગાંધીનગરના સેકટર- ૧૦,૧૧,૧૨ અને ૧૩ માંથી ૮ ટન જેટલા સુકા પાંદડાના કચરાની સફાઇ કરાઇ : અત્યાર સુધી ૨૯ ટન જેટલા સુકા પાંદડાના કચરાની સફાઇ

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર મહાનગર પાલિકા વિસ્તારમાં આજરોજ ૪૩ જેટલા શાકભાજી વિતરણ કરનાર ફેરિયાઓની આરોગ્યની ચકાસણી કરવામાં આવી છે. અત્યાર સુધીમાં કુલ- ૨૨૮ ફેરિયાઓની આરોગ્યની ચકાસણી કરવામાં આવી છે. તેમજ ગાંધીનગરના સેકટર-૧૦, ૧૧, ૧૨ અને ૧૩ માંથી આજે કુલ અંદાજે ૮ ટન જેટલો સુકા પાંદડાનાં કચરાની સફાઈ કરવામાં આવી છે, તેવું ગાંધીનગર મહાનગરપાલિકાના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર પી.એસ. દવેએ જણાવ્યું છે.

ગાંધીનગર મહાનગર પાલિકાના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર શ્રી પી.એસ.દવેએ જણાવ્યું છે કે, ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં કોરોના વાયરસને ફેલાતો અટકાવવા માટે સક્રિય થઈ સરકારની સૂચનાઓ અનુસાર કામગીરી કરવામાં આવી રહી છે. ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં શાકભાજી વિતરણ કરનાર ફેરિયાઓના આરોગ્યની ચકાસણી કરવામાં આવી રહી છે. જેમાં આજદિન સુધી કુલ- ૨૨૮ ફેરિયાઓના આરોગ્યની ચકાસણી કરવામાં આવી છે. આજે તા. ૨૫મી એપ્રિલ,૨૦ના રોજ ૪૭ જેટલા શાકભાજી વિતરણ કરનાર ફેરિયાના આરોગ્યની ચકાસણી કરવામાં આવી છે. પાલિકા વિસ્તારમાં તમામ શાકભાજી વિતરણ કર્તાઓની આરોગ્ય ચકાસણી ટુંક સમયમાં પૂર્ણ કરવામાં આવશે.

લોકડાઉન દરમ્યાન ગાંધીનગર શહેરના તમામ ઈન્ટર્નલ રસ્તાઓ તથા ફોરેસ્ટ વિસ્તારમાં ઝુંબેશ સ્વરૂપે સફાઈનું કાર્ય થનાર છે. તેમાં આજરોજ સેકટર- ૧૦, ૧૧, ૧૨, ૧૩માં આ સફાઈની કામગીરી કરવામાં આવી હતી. જેમાં ૮ ટન જેટલો સુકા પાંદડાઓનો કચરાની સફાઈ કરવામાં આવી હતી. અત્યાર સુધીમાં અંદાજે ૨૯ ટન જેટલો સુકા પાંદડાનાં કચરાની સફાઈ કરવામાં આવી છે.

ફાયર શાખાના વાહનો દ્વારા અત્યાર સુધીમાં મહાનગરપાલિકા વિસ્તારના દરેક વિસ્તારોને ચેપ મુક્ત કરવા સોડિયમ હાઈપોકલોરાઈટ દ્વારા છંટકાવ કરવામાં આવી રહી છે. મહાનગરપાલિકા વિસ્તારમાં અલગ વાહનોની મદદથી બાયોમેડિકલ વેસ્ટનું કલેકશન કરવામાં આવી રહ્યું છે. જેમાં આજ સુધી એકટ મુજબની પીળા કલરની બેગમાં ૧૬૦૬ કિલોગ્રામથી વધુ, લાલ કલરની બેગમાં ૧૭૧ કિલોગ્રામથી વધુ અને વાદળી કલરની બેગમાં ૨૫ કિલોગ્રામથી વધુ વેસ્ટ એકત્ર કરી નિકાલ કરાયો છે.